**અગ્રતા ક્રમ : ૦૫**

## નેગેટીવ પ્રશ્નનો જવાબ

### પ્રશ્ન : સરકાર બાગાયતી પાકોને પાક વિમા હેઠળ આવરી લેવા માંગે છે કે કેમ ?

**જવાબ:–**

- સામાન્ય રીતે પાક વિમા યોજના પાક ઉત્પાદનના અખતરાઓ આધારિત અથવા તો હવામાન આધારિત અમલમાં હોય છે.
- બાગાયતી પાકોમાં ઋતુ આધારિત ઉત્પાદન લેવામાં આવે છે, જેના કારણે નુકશાની તેમજ પાક ઉત્પાદન અંદાજવામાં ચોક્કસાઇ રહેતી નથી.
- હવામાન બદલાવથી વિવિધ બાગાયતી પાકોની વિવિધ જાતો ઉપર અને વિવિધ ઉત્પાદન અવસ્થાઓ પર અલગ અલગ અસર જોવા મળે છે.
- બાગાયતી પાકોમાં અલગ અલગ સમયે અને ઋતુ મુજબ ફળ–ફૂલ આવતા હોવાથી હવામાનના બદલાવના કારણે જે તે સમયે અને ઋતુ પ્રમાણે ઉત્પાદનમાં કેટલુ નુકશાન થાય છે તે સચોટ રીતે નક્કી કરવુ મુશ્કેલ ભર્યુ છે. આથી, વિમા હેઠળ આવરી લેવાનાર જોખમ સામે નુકશાની સામે વળતર આપવાની પારદર્શક પ્રક્રિયા જાળવવી મુશ્કેલ ભરી છે.
- આ સંજોગોમાં બાગાયતી પાકોના વિમાના વિકલ્પ તરીકે સરકાર જયારે જયારે ખેડૂતોને પાક નુકશાન થાય ત્યારે ખાસ કૃષિ રાહત પેકેજ જાહેર કરીને ખેડૂતોને વળતર આપી રહી છે.
- આમ, બાગાયતી પાકો માટે પાક વિમો અમલમાં નથી, પરંતુ સરકાર ખેડૂતોને કુદરતી આફતો સમયે વળતરથી વંચિત રાખતી નથી.

અગ્રતા ક્રમ–૦૫

**પ્રશ્ન-૧ : રાજયમાં કુદરતી આફતોના કારણે બાગાયતી પાકોમાં થયેલ નુકશાની માટે સરકાર દ્વારા ક્યારે અને કેટલુ વળતર ચુકવવામાં આવેલ છે ?**

જવાબ:–

**માન. અધ્યક્ષશ્રી**

રાજયમાં કુદરતી આફતોના કારણે બાગાયતી પાકોમાં થયેલ નુકશાની માટે સરકાર દ્વારા ક્યારે અને કેટલુ વળતર ચુકવવામાં આવેલ તેની વિગતો જણાવુ તો..

- **વર્ષ ૨૦૨૧ના મે માસમાં "તાઉતે" વાવાઝોડાને કારણે ઝાડ પડી જવા તેમજ બાગાયતી પાક ઉત્પાદનમાં થયેલ નુકશાન સામે** સરકારશ્રી દ્વારા ૦૧ લાખ ૨૦ હજાર ઉપરાંત ખેડુતોને રૂ. ૩૨૧ કરોડની સહાય ચુકવવામાં આવેલ છે.

માન. અધ્યક્ષશ્રી,

- **વર્ષ ૨૦૨૩માં માર્ચ મહિનામાં કમોસમી વરસાદથી બાગાયતી પાકોમાં થયેલ નુકશાની સામે** જુનાગઢ, કચ્છ, સુરત, ભાવનગર, રાજકોટ, તથા અરવલ્લી જિલ્લાઓના કુલ ૪ હજાર ૪૨૪ ખેડૂતોને રૂ. ૧૪.૫૨ કરોડની સહાય ચુકવવામાં આવેલ છે.

- **<u>વર્ષ ૨૦૨૩ માં જુન મહિનામાં બિપરજોય વાવાઝોડામાં બાગાયતી પાકોમાં થયેલ નુકશાની સામે</u>** જામનગર, મોરબી, નર્મદા, કચ્છ તથા બનાસકાંઠા જિલ્લાઓના કુલ ૧૬ હજાર ૬૮૨ ખેડૂતોને રૂ. ૭૭.૬૪ કરોડની સહાય ચુકવવામાં આવેલ છે.
- **<u>વર્ષ ૨૦૨૩ માં સપ્ટેમ્બર મહિનામાં ભારે વરસાદથી બાગાયતી પાકોમાં થયેલ નુકશાની સામે</u>** જુનાગઢ, આણંદ તથા રાજકોટ  જિલ્લાઓના કુલ ૨૬૪ ખેડૂતોને રૂ. ૩૨ લાખની સહાય ચુકવવામાં આવેલ છે.

આમ, કુદરતી આફતો જેવી કે ભારે વરસાદ/ પૂર/ વાવઝોડા/ કમોસમી વરસાદના કારણે થયેલ પાક નુકશાનીના વળતર પેટે રાજય સરકાર દ્વારા ખેડૂતોને સહાય ચુકવવામાં આવે છે.

અગ્રતા ક્રમ–૦૫

**પ્રશ્ન–૨ : સરકાર દ્વારા ખેડૂતોને બાગાયતી પાકોમાં કુદરતી આફતો થકી થયેલ નુકશાન પેટે સહાય ચુકવવામાં આવતી હોય તો સહાયના ધોરણ શું છે?**

**જવાબ:–**

**માન.અધ્યક્ષશ્રી**

બાગાયતી પાકોમાં કુદરતી આફતો થકી થયેલ નુકશાન પેટે સહાય ચુકવવામાં આવતી હોય છે, તે સહાયના ધોરણની વિગતો જણાવુ તો..

- સ્ટેટ ડિઝાસ્ટર રિસ્પોન્સ ફંડ (એસ.ડી.આર.એફ.)ના ધોરણો ઉપરાંત રાજય સરકારશ્રીના રાજ્ય બજેટમાંથી ખાસ કિસ્સામાં વળતર આપવા કૃષિ રાહત પેકેજ જાહેર કરવામાં આવે છે.
- વર્ષ ૨૦૨૧ માં આવેલ ''તાઉતે'' વાવાઝોડા સામે મહેસૂલ વિભાગના તા.૨૭/૦૪/૨૦૧૫ના એસ.ડી.આર.એફ.ના ધોરણો ઉપરાંત રાજ્ય બજેટમાંથી રાજય સરકારે "વાવાઝોડું કૃષિ રાહત પેકેજ" જાહેર કરેલ જેના સહાયના ધોરણો જણાવું તો..
  - ઉનાળું પિયત ખેતી તથા બાગાયતી પાકોમાં એસ.ડી.આર.એફ. મુજબ રૂ. ૧૩ હજાર ૫૦૦ પ્રતિ હેક્ટર

સહાય ઉપરાંત રાજય સરકારના ભંડોળમાંથી વધારાના રૂ. ૬ હજાર ૫૦૦ પ્રતિ હેકટર મળી કુલ રૂ. ૨૦ હજાર પ્રતિ હેકટર સહાય આપવામાં આવેલ છે.

- ○ બહુવર્ષાયુ બાગાયતી પાકોના ૩૩% કે તેથી વધુ નુકસાન માટે તેમજ ૩૩% થી ૫૦% ઝાડ ઉખડી જવાના કિસ્સામાં એસ.ડી.આર.એફ. મુજબ રૂ. ૧૮ હજાર પ્રતિ હેકટર સહાય ઉપરાંત રાજય સરકારના ભંડોળમાંથી વધારાના રૂ. ૧૨ હજાર પ્રતિ હેકટર મળી કુલ રૂ. ૩૦ હજાર પ્રતિ હેકટર સહાય આપવામાં આવેલ છે.
- ○ બહુવર્ષાયુ બાગાયતી પાકોના ૫૦% થી વધુ ઝાડ ઉખડી જવાના કિસ્સામાં એસ.ડી.આર.એફ. મુજબ રૂ. ૧૮ હજાર પ્રતિ હેકટર સહાય ઉપરાંત રાજય સરકારના ભંડોળમાંથી વધારાના રૂ. ૮૨ હજાર પ્રતિ હેકટર મળી કુલ રૂ. ૧ લાખ પ્રતિ હેકટર સહાય આપવામાં આવેલ છે.

- વર્ષ ૨૦૨૩માં આવેલ ''બિપરજોય'' વાવાઝોડા સામે ભારત સરકારના તા.૧૦/૧૦/૨૦૨૨ના એસ.ડી.આર.એફ. ઠરાવના ધોરણો ઉપરાંત રાજ્ય બજેટમાંથી જાહેર કરેલ ખાસ કૃષિ સહાય પેકેજ ચૂકવણીના માપદંડ જોઈએ તો
  - ○ વર્ષાયુ બાગાયતી પાકોમાં એસ.ડી.આર.એફ. મુજબ રૂ. ૧૭ હજાર પ્રતિ હેકટર સહાય ઉપરાંત રાજય સરકારના

ભંડોળમાંથી વધારાના રૂ. ૮ હજાર પ્રતિ હેકટર મળી કુલ રૂ. ૨૫ હજાર પ્રતિ હેકટર સહાય આપવામાં આવેલ છે.

- બહુવર્ષાયુ બાગાયતી પાકોના 33% કે તેથી વધુ નુકસાન માટે એસ.ડી.આર.એફ. મુજબ રૂ. ૨૨ હજાર ૫૦૦ પ્રતિ હેકટર સહાય ઉપરાંત રાજય સરકારના ભંડોળમાંથી વધારાના રૂ. ૧૫ હજાર પ્રતિ હેકટર મળી કુલ રૂ. ૩૭ હજાર ૫૦૦ પ્રતિ હેકટર સહાય આપવામાં આવેલ છે.
- બહુવર્ષાયુ બાગાયતી પાકોના ૧૦% કે તેથી વધુ પરંતુ 33% થી ઓછાં ઝાડ ઉખડી જવાના/પડી જઇ/ભાંગી જઇ નાશ પામેલ હોય તે અન્વયે એસ.ડી.આર.એફ. મુજબ કોઇ સહાયના નોર્મ્સ ન હોઈ, ખેડૂત હિતમાં ખાસ કિસ્સામાં રાજય સરકારના ભંડોળમાંથી રૂ. ૨૫ હજાર પ્રતિ હેકટર સહાય આપવામાં આવેલ છે.
- બહુવર્ષાયુ બાગાયતી પાકોના 33% કે તેથી વધુ ઝાડ ઉખડી જવાના/પડી જઇ/ભાંગી જઇ નાશ પામેલ હોય તે અન્વયે ખાસ કિસ્સામાં એસ.ડી.આર.એફ. મુજબ રૂ. ૨૨ હજાર ૫૦૦ પ્રતિ હેકટર સહાય ઉપરાંત રાજય સરકારના ભંડોળમાંથી વધારાના રૂ. ૧ લાખ ૨ હજાર ૫૦૦ પ્રતિ હેકટર મળી કુલ રૂ. ૧ લાખ ૨૫ હજાર પ્રતિ હેકટર સહાય આપવામાં આવેલ છે.
- ખેડૂતોને ખાતા દીઠ મહત્તમ ૨ હેકટરની મર્યાદામાં સહાય આપવામાં આવેલ છે.

આમ, બાગાયતી પાકોમાં કુદરતી આફતો થકી થયેલ નુકશાન સામે એસ.ડી.આર.એફ. ઉપરાંત રાજ્ય સરકારશ્રી દ્વારા રાજ્ય બજેટમાંથી વખતોવખત ખાસ કૃષિ રાહત પેકેજ જાહેર કરવામાં આવે છે.

# પુરક પ્રશ્નો

**પ્રશ્ન : બાગાયતી પાકોમાં કઇ કુદરતી આફતોના કારણે નુકશાન જોવા મળે છે ?**

**જવાબ:–**

રાજયમાં ભારે વરસાદ – પૂર, વાવાઝોડું, વાદળ ફાટવું, જમીન ધસી જવી, હિમપ્રપાત, કરાની વૃષ્ટી, ઠાર અને શીત લહેર વિગેરે જેવી કુદરતી આફતોથી બાગાયતી પાકોમાં નુકશાન જોવા મળે છે.

## અગ્રતા ક્રમ : ૦૫

**પ્રશ્ન : બાગાયતી પાકોમાં કુદરતી આફતોના કારણે મુખ્યત્વે કયા પ્રકારના નુકશાન જોવા મળે છે ?**

**જવાબ:–**

**બાગાયતી પાકો જેવા કે**

- બહુવર્ષાયું ફળ પાકોમાં ફૂલ અવસ્થાએ તેમજ ફળ અવસ્થાએ ફૂલ/ફળ ખરી જવાથી તેમજ ઝાડ પડી જવાથી ઉત્પાદનમાં નુકશાનની શક્યતાઓ રહેલી છે.
- ટૂંકા ગાળાના ઋતુ આધારિત બાગાયતી પાકો જેવા કે, શાકભાજી પાક, મસાલા પાક, ફૂલ પાકમાં રોગ–જીવાતનો ઉપદ્રવ વધવાથી તેમજ પાક નિષ્ફળ જવાથી ઉત્પાદનમાં ઘટ પડવાથી નુકસાનની શક્યતાઓ રહેલી છે.

**અગ્રતા ક્રમ : ૫**

**પ્રશ્ન : કુદરતી આફતોથી બાગાયતી પાકોમાં થતા નુકશાન સામે રાજય સરકારશ્રી દ્વારા ખેડૂતો માટે કયા કયા પગલા લેવામાં આવે છે ?**

**જવાબ:–**

- કુદરતી આફતો થકી બાગાયતી પાકોમાં થતા નુકશાનને અટકાવી શકાય તે હેતુ રાજય સરકાર તેમજ જિલ્લા વહીવટી તંત્ર દ્વારા વખતો– વખત હવામાનની આગાહી ધ્યાને લઇ ખેડૂત જોગ એડવાઈઝરી બહાર પાડવામાં આવે છે.

- વાતાવરણના બદલાવ અને હવામાનમાં થતા ફેરફારને કારણે મુખ્યત્વે રોગ જીવાતનું પ્રમાણ વધતું હોય છે આ સમય દરમ્યાન ખેડૂતો રોગ જીવાત નિયંત્રણના યોગ્ય આગોતરાં પગલા અપનાવે તે માટે માર્ગદર્શન આપવામાં આવે છે.

- એસ.ડી.આર.એફ. મુજબ તેમજ રાજય સરકાર દ્વારા વખતો વખત **"ખાસ કૃષિ રાહત પેકેજ"** પણ ખેડૂતોના હિતાર્થે જાહેર કરવામાં આવે છે.

**અગ્રતાક્રમ –૫**

**પ્રશ્ન–૭: કુદરતી આફતોથી ફળ પાકોમાં થયેલ નુકશાન બાદ ફળવાડી ઉપજાઉ કરવા ખેડૂતોને સહાયથી પ્રોત્સાહિત કરવામાં આવે છે કે કેમ ?**

**જવાબ:–**

સરકારે ખેડૂત હિતાર્થે બાગાયતી પાકો માટે વિવિધ સહાયલક્ષી યોજનાઓ અમલમાં મૂકેલ છે.

બિન ઉપજાઉ થયેલ બહુ વર્ષાયુ ફળપાકના ઝાડને નવસર્જન કરવા સહાય, સંકલિત રોગ–જીવાત તથા પોષણ વ્યવસ્થાપનમાં સહાય, પાક સંરક્ષણ સાધનો, ફાર્મ મશીનરી વસાવવા, કાપણી પછીની વ્યવસ્થાપનમાં સહાય વિગેરે યોજનાઓમાં સહાય આપવામાં આવે છે.

આમ, કુદરતી આફતોથી બાગાયતી પાકોમાં થયેલ નુકશાન બાદ રાજ્ય સરકાર ખેડૂતોને પડખે રહી મદદરૂપ થાય છે.

## અગ્રતાક્રમ –૫
## (કૃષિ પેકેજ રાહત બાગાયત પાકો સહીત)
## ૨૦૧૫–૨૦૧૬ થી ૨૦૨૩–૨૦૨૪

**પ્રશ્ન–૮ : એસ.ડી.આર.એફ. ના સહાયના ધોરણો ઉપરાંત સરકાર દ્વારા ખેડૂતોને કોઈ વળતર ચુકવવામાં આવે છે કે કેમ?**

**જવાબ:–**

માન.અધ્યક્ષશ્રી..

જયારે પણ ખેડૂતોને કુદરતી આફતોથી નુકશાન થાય છે, તે વખતે રાજય સરકાર ખેડૂતોના પડખે રહી વળતર ચુકવ્યુ છે.

તેટલુ જ નહીં એસ.ડી.આર.એફ. ના ધોરણો ઉપરાંત રાજય સરકારે પોતાના ભંડોળમાંથી વળતર આપવા ખાસ કૃષિ રાહત પેકેજ જાહેર કરે છે.

| ક્રમ | આપત્તિ વર્ષ | આપત્તિનો પ્રકાર | સહાય ચૂકવેલ ખેડૂતોની સંખ્યા | SDRF (2245) સદર હેઠળ ચૂકવેલ સહાયની રકમ રૂ. કરોડમાં | STATE (2401) સદર હેઠળચૂકવેલ સહાયની રકમ રૂ. કરોડમાં | કુલ ચૂકવેલ સહાયની રકમ રૂ. કરોડમાં |
|---|---|---|---|---|---|---|
| ૧ | ૨૦૧૫–૧૬ | ભારે વરસાદ/પુર અને કમોસમી વરસાદ | ૧૮૨૦૪૧ | ૨૭૯.૨૨ | ૦ | ૨૭૯.૨૨ |
| ૨ | ૨૦૧૭–૧૮ | ભારે વરસાદ/ પૂર /જમીન ધોવાણ | ૭૬૯૫૭૦ | ૧૪૯૮.૪૯ | ૨૦૮.૧૨ | ૧૭૦૬.૬ |
| ૩ | ૨૦૧૮–૧૯ | ભારે વરસાદ/ પૂર અને દુષ્કાળ (૫૧ અને ૪૫ તાલુકા) | ૧૭૫૯૬૧૪ | ૧૦૦૫.૦૨ | ૬૭૩.૦૭ | ૧૬૭૮.૦૯ |
| ૪ | ૨૦૧૯–૨૦ | કમોસમી વરસાદ (કૃષિ સહાય પેકેજ–૨૦૧૯) | ૩૩૧૮૦૯૭ | ૧૮૯૮.૯૭ | ૫૯૦.૬૧ | ૨૪૮૯.૫૮ |
| ૫ | ૨૦૨૦–૨૧ | ભારે વરસાદ/ પૂર (કૃષિ રાહત પેકેજ–૨૦૨૦) | ૧૯૦૩૫૭૫ | ૧૯૬૮.૯૪ | ૯૩૭.૦૩ | ૨૯૦૫.૯૭ |
| ૬ | ૨૦૨૧–૨૨ | વાવાઝોડું કૃષિ રાહત પેકેજ–૨૧/ કૃષિ રાહત પેકેજ–૨૧ (તબક્કા ૧ અને ૨) | ૭૬૭૩૩૦ | ૮૧૫.૪૧ | ૪૨૫.૧૭ | ૧૨૪૦.૫૮ |
| ૭ | ૨૦૨૨–૨૩ Provisional | ભારે વરસાદ (કૃષિ રાહત પેકેજ–૨૦૨૨) | ૧૯૩૫૩૩ | ૧૭૪.૩૨ | ૨૩.૦૪ | ૧૯૭.૩૬ |
| ૮ | ૨૦૨૩–૨૪ Provisional | કમોસમી વરસાદ (KRP-૨૦૨૩)/બિપરજોય વાવાઝોડું/ભારે વરસાદ (ખાસ KRP) | ૧૦૯૯૩૯ | ૧૬૨.૯૩ | ૧૧૮.૭૬ | ૨૮૧.૬૯ |
| **એકંદરે કૂલ** | | | **૯૦૦૩૬૯૯** | **૭૮૦૩.૩૦** | **૨૯૭૫.૮૦** | **૧૦૭૭૯.૦૯** |